Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષયાનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | સાચી સમઝ. ... ...( સંઘવી વેલચંદ ધનજી )... ... ... | ૫૩ |
| ૨ | અસ્મિતા. ...( મુનિ દર્શનવિજય ) ... ... ... ... | ૫૪ |
| ૩ | જ્ઞાતિ અને તેનો ઉદય. ...( કલ્યાણભાઇ દલસુખભાઇ ઝવેરી બી. એ. )... | ૫૮ |
| ૪ | અધ્યાત્મવાદ. ...( વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ. ) ... ... | ૬૫ |
| ૫ | સમવસરણ રચના. ...( માસિક કમીટી. ) ... ... ... | ૬૮ |
| ૬ | શ્રી શત્રુંજય તીર્થઉદ્ધાર પ્રબંધ. ( આત્મવલ્લભ. ) ... ... | ૬૯ |
| ૭ | કુમારપાળકૃત રહસ્યાત્મક પદ્યાનુવાદ. ( કસ્તુરચંદ હેમચંદ દેશાઇ. ) ... | ૭૨ |
| ૮ | વર્તમાન સમાચાર. ... ... ... ... ... ... | ૭૫ |
| ૯ | સ્વીકાર અને સમાલોચના... ... ... ... ... ... | ૭૬ |


# સુધારો.

ગયા ભાદરવા માસના અંકમાં સમવસરણ રચનાવાળા લેખમાં પા. ૪૮ નીચે પ્રમાણે સુધારી વાંચવું.

લીંટી ૯ ચોરસ પાસે પુર્ણ વિરામ મુકી વાંચવું.
લીંટી ૧૦ મૂળમાં પ્રથમને બદલે મૂળમાં જાડી હોય.
લીંટી ૧૪ ૨૬૦૦ ધનુષની મણિપીઠ ને બદલે ૨૬૦૦ ધનુષ ' મધ્યપીઠ ' છે.
લીંટી ૧૬ અનુક્રમ અંતરને બદલે કુલ અંતર.
લીંટી ૧૮ ભગવાનના સિંહાસનને પણ ૧૦૦૦૦ પગથીયા હોય છે તેને બદલે તેને પગથીયા હોતા નથી પરંતુ મણિપીઠથી પગથીયા હોય છે.

**સુચના**—આ માસિકમાં આવતા લેખો માટે તેના લેખક જવાબદાર છે અને તે માંહેની હકીકત માટે અમો સમ્મત જ હોઇએ તેમ માનવાનું નથી.

**( માસિક કમીટી. )**

ભાવનગર ધી " આનંદ " પ્રીન્ટીંગ પ્રેસમાં–શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति यदुत सेवनीया दयालुता न विधेयः परपरिभवः मोक्तव्या कोपनता वर्जनीयो दुर्जनसंसर्गः विरहितव्यालीकवादिता अभ्यसनीयो गुणानुरागः न कार्या चौर्यबुद्धिः त्यजनीयो मिथ्याभिमानः वारणीयः परदाराभिलाषः परिहर्तव्यो धनादि गर्वः ।

ततो भविष्यति भवतां सर्वज्ञोपज्ञ सद्धर्मानुष्ठानयोग्यता ॥

उपमिति भवप्रपञ्चा कथा-सप्तम प्रस्ताव.

पुस्तक २८ } वीर सं. २४६६. आश्विन. आत्म सं. ३९. { अंक ३ जो.

## સાચી સમજ.

સમજાય જો ! સમજાય જો ! સમજાય ! ! સાચો માર્ગ આ,
નિશ્ચય જવાનું એકલા છોડી સકલ સંસર્ગ આ;
નિજ દેહ નારી સાથ સહુ પરિવાર રિદ્ધિ સર્વ આ,
ઉપભોગ યોગ્ય વિના અહીં રહેશે પડ્યું તાત્પર્ય આ. ૧

માનવ પણું મુશ્કેલ ! મુક્તિદ્વાર ! ! સૂચન શાસ્ત્રનું,
"યોગી વિહારી માર્ગના મળવું કઠિન સત્પાત્રનું,"
કર શોધ એ સત્પાત્રની બાજી હજુ છે હાથમાં,
"ચૈતન્ય જડના ભેદને સમજાવે વર્તન સાથમાં." ૨

જડ વાસનાના પાસમાં કિમ્મત જીવનની ના કરી,
રઝળ્યો છતાં સુખ લેશ ના એ ચિત્ર નિહાળો ફરી;
"નિજ આત્મવત્ પ્રાણી સકલ" સિદ્ધાન્ત સાચો માનીને,
ઉતારીએ આચરણમાં શરણે રહો સદ્જ્ઞાનીને. ૩

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અસ્મિતા.

જેમ જેમ અજ્ઞાનતાના પડદા વધારે ઘાટા હોય છે તેમ તેમ સત્યની જ્યોતિ વધારે મંદ મંદ પ્રકાશે છે. એ અજ્ઞાનતાના પડદા દૂર થાય અને સત્યનો પ્રકાશ ઝળહળે એ વિકાસ પદ્ધતિનું આદ્ય–અંતિમ અંગ છે. એક બાળકની બુદ્ધિમાં જગતની વસ્તુ પ્રત્યે જેટલી અજ્ઞાનતા હોય છે તેટલોજ પોતાના અનુભવવાળી વસ્તુની હયાતી હોવાનો સચોટ દાવો હોય છે અને તે જેમ જેમ પ્રવાહમાં ઘડાતો જાય છે તેમ તેમ પોતે જે વસ્તુને માનતો ન હતો તે વસ્તુની પણ હયાતી હોવાનું કલ્પી શકે છે. શિશુના જીવનોલ્લાસમાં કામવાસના એ હરાયા ઢોર જેવી અપ્રસ્તુત વસ્તુ છે બલ્કે તેનું અસ્તિત્વ ન કલ્પે તો પણ ચાલી શકે છે, પણ યુવાનીનો વેગ એ નગ્ન સત્યને કાનબુટ્ટી પકડીને કબુલ કરાવે છે અને સાઠ વર્ષ પહેલાનો તેજ બાળક આજે વૃદ્ધ પદના વેદીકા ઉપર બેસીને અનેક અનુભવોની તાલીમ લીધા પછી તે છે તે છે અને એ પણ છે એમ નિશ્ચયાત્મક કથન પ્રરૂપી શકે છે એટલે તેને એક દિવસે જે વસ્તુ હોવાનો અવિશ્વાસ હતો અત્યારે તેજ વસ્તુની હયાતી માટે તેનું અંતઃકરણ સાફ સાફ સાક્ષી પુરે છે.

આપણે એ તારવી શકીએ છીએ કે અપાર જગતના દરેક પદાર્થો બે દિશાવાળા છે. રાત્રી અને દિવસ, નર અને માદા, પંડિત અને મૂર્ખ, આ બંને પદાર્થો જેટલા વિરોધી છે તેટલાજ સહભાવી છે અને તેટલાજ પ્રાચીન છે. આત્મિક વિકાસમાં પણ આવીજ अस्ति नास्ति છે, નથીના દ્વૈતની ભાંજગડ છે જે દ્વૈત ભાવના શાબ્દિક વિશ્વને અન્યોન્યની અપેક્ષા દૂર કરતા “ આસ્તિકતા ” અને “ નાસ્તિકતા ” એમ બે વિભાગમાં વહેંચી નંખાય છે.

જીવ છે, તેના સંસ્કાર વિધાતા, સ્વ સામર્થ્યથી પ્રેરાતા નિર્જીવ પૂણ્ય–પાપ છે, સ્વર્ગ છે. નર્ક છે, ત્રૈલોકિક ચેતનાવસ્થા છે, આ વિશ્વસ્થિતિ અનાદિ–અકળ છે. આ પ્રમાણે બધું अस्ति आस्ति છે–છે એમ કહેવું તે આસ્તિકતાનું પ્રાચીન લક્ષણ છે. જે વિચારોના વાતાવરણમાં અપેક્ષાવાદ કે સ્યાદ્વાદના પાયા મંડાયા છે.

જીવ નથી, પૂનર્જન્મ નથી, જે છે તે અત્યારે મળ્યું તેજ છે આ વિચારમાળા પૂર્વકાલીન નાસ્તિકવાદના મૂળ રૂપે છે જે મૂળ અકલ્પ્યકાળથી રોપાએલાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી બાજુ વેદ-ઉપનિષદોના પ્રારંભકાળમાં દષ્ટિકોણ સ્થાપી એ તો અનેકધા नो सदासित् नास्ति नास्ति શબ્દોનો છૂટથી ઉપયોગ થયો છે, જેની પૂર્ણ ભૂમિકામાં આગળ વધવાને અશક્ત નિવડેલા પામર પંડિતોના અધુરા વિજ્ઞાનથી નાસ્તિકતાના પડછંદા જોરદાર બન્યા છે.

આધુનિક સાક્ષરો પણ આજ નિમિત્તનું મેરાઇયું કરીને ખુદ શંકરાચાર્યના બુદ્ધિ પ્રગલ્ભમાંજ પ્રચ્છન્ન બૌદ્ધ ભાવનું પ્રતિબિંબ હોવાનું માને છે.

નાસ્તિકતાના સમર્થ સંરક્ષકો બાંકીઓ વામમાર્ગીઓ અને બીજા બીજા કહીએ તો વીસમી સદીના ડાહ્યા ડમરા ગણાતા મનુષ્યો છે. જેઓ નરકો નાક ન ગણે, પાવૈયો પુરૂષાર્થ ન સ્વીકારે તેમ તેઓ પણ પાપ પુણ્યની જંજાળને ગણતાં નથી. તેઓ મંત્ર માને છે કે सुखं સુખે ખા, પી, માણ અને ભોગવ.

વર્તમાન યુગમાં નાસ્તિકતામાંથી નવાંગ વેષધારી પ્રતિબીંબ સ્વરૂપે એક નવિન સમૂહનો જન્મ થયો છે જેનુ નામ છે " અસ્મિતા "

અસ્મિતા એટલે કાંઇક વિશેષતા-ક્ષણિક વિધાન અને જેમાં " નિડરતા " મુખ્ય છે એવું કલ્પનાતત્ત્વ.

આધુનિક જીવનની ધૂનમાં દોડનાર કે વીસમી સદીનો નવલકથાકાર અસ્મિતાનો અરૂણોદય નર્મદથી માનશે. કેમકે તે પડેલાંના મનુષ્યોએ પોતાની વાણીમાં નર્યો મૃત્યુ ભય ખડો કર્યો છે જ્યારે નર્મદે નવયુગ પ્રવર્તક બની સંસારની મોજ માણવાના પાઠો પ્રરૂપ્યા છે.

કવિ નર્મદને નવયુગ પ્રવર્તક ઠરાવવો હોય કે દેષપૂર્ણ મનાવવો હોય એ ગમે તેમ હોય પરંતુ આ શબ્દના ધ્વનિ ( છાળ ) થી તો નર્મદના વાક્યોમાં ઉપરોક્ત અસ્મિતાના સૂત્રો છે એમ એકંદરે ઠોકી બેસારવાનું લક્ષ્ય તો છે જ.

બટુભાઇ તો આ પાટલે ડને ાલાલ મુન્શીને જ બેસારે છે પણ આ કાળા ટાઇપો કેટલે અંશે સફળ છે તે તો ઉતાવળા સ્વભાવથી જ કહી શકાય.

" વર્તમાન પરિસ્થિતિને વળગી રહેવું, આગળ-પાછળની ચિંતા વર્જવી, આગળ પાછળ કૈં છે આ વિચારોમાં મૂર્ખાઇની સુગ લેવી, મૃત્યુની શબ્દ જાળથી ત્રાસવું નહીં. પૂનર્જન્મની ગડમથલમાં ભેજુ પકવવું નહી અને આ ભવ મીઠો પરભવ કોણે દીઠો " આ અસ્મિતામાત્રના વ્યાપક લક્ષણો મનાય છે.

પ્રથમ આ લક્ષણોની સત્યતા તપાસીએ. જો ઉપરોક્ત લક્ષણોને સત્ય કોટિમાં મુકીએ તો પોતાના જીવનમાં માત્ર રમણી રસને લુંટનારા પામર વાસનાવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એશઆરામ માટે મનુષ્યોના લોહી તરસ્યા, અન્યાયની લાકડીથી કેર વર્તાવનારા, શોખને ખાતર નિર્દોષને રેંસનાર તથા ક્રૂરતાના પ્રતિનિધિરૂપ મદાંધ રાજવીઓ અમલદારો અલ્લાઉદ્દીનો મહમદ ગીઝનીઓ અને નાદિર બિરાદરોને આપણે ઉચ્ચ અભિલાષાના અધિષ્ઠાપકો તરીકે પૂજવા જોઇએ, પણ સખેદ માનવું પડે છે કે સામાન્ય જનતાની વાતતો દૂર રહી, માત્ર એક બાળકનું હૃદય પણ એ ભાવનાની હદમાં પગ મૂકતાં અચકાય છે એના નામ સાંભળી સૌ કોઇ મનસ્વીનો અંતરાત્મા કમકમી ઉઠે છે.

વેશ્યાઓ પણ પ્રસ્તુત લાક્ષણિકની કસોટીમાં દૃષ્ટિથી વધારે સ્વતંત્ર મનાય છે. જાણે ઉપરોકત કોટિની અસ્મિતાનું મિશન. પરંતુ એ મૈયાનું નામ સાંભળતાં સહૃદય ગામડીઓ પણ થંભી જાય છે.

તો શું ? અસ્મિતાના આ લક્ષણોને યથાર્થ કક્ષામાં મૂકી શકાય ? કેમકે તે નાસ્તિકતાના સીદ્ધી રીતે-ઉછીતા લીધા હોય એવો સ્પષ્ટ આભાસ થાય છે તો પછી તે લક્ષણો અસ્મિતાના પણ યથાર્થ લક્ષણો કેમ બની શકે ?

હું તો આ લક્ષણોને તદ્દન અપૂર્ણ અધુરીઆં અણઘડના આથર જેવા માનું છું, કેમકે " અસ્મિતા " શબ્દજ એમ ધ્વનિત કરે છે કે " આવતી કાલનો વિચાર કરવો એ પણ નબળાઇનું જ પડખું છે, તો પછી આખા ભવનો વિચાર કરવો શા માટે ? બસ, વર્તમાન પળને જ આ સેકંડનેજ વળગી રહેવું એજ સાચી અસ્મિતા છે એજ આસ્તિકતા નાસ્કિતાથી નિરાળી ભાવના સૃષ્ટિ છે " બાકી તો જેમ જેમ તર્કણાને ભવિષ્યવાદના બોજા નીચે દાબીએ છીએ તેમ તેમ આસ્તિકતા કે નાસ્તિકતાના દોરમાં ઘસડાતી જાય છે.

આ ઉપરથી એ નિતાંત તારવી શકીએ છીએ કે ભવિષ્યનો વિચાર કરવો એ અસ્મિતાની નગી ધૃષ્ટતા છે.

સીમાડે પડેલો મહાશય-બ્હારવટીઓ જેમ ખાવું પીવું અને બાલબચ્ચાંને રમાડવા તેને નિરૂપયોગી માને છે તેમ અસ્મિતાના વ્રત ધારીને નારીપૂજન અને ધન સંચય પણ નકામા ભાસે છે. અસ્મિતાના સામ્રાજ્યમાં આવશ્યક વસ્તુથી પોતાનું કાર્ય સાધવું અને નિરૂપયોગી થતાં તેજ વસ્તુનો ત્યાગ કરવો, આવી રીતે દરેક વસ્તુનો સ્વીકાર અને ત્યાગ સુલભ છે. સ્ત્રીઓ પણ આજ કોટિની વસ્તુ છે તો પછી સ્ત્રી એ સર્વદા પૂજ્ય છે, અતિશય આરાધ્ય છે, આ ભાવનાને આસ્તિકતાની આછી છાયા પડે તોજ ઇષ્ટ માની શકાય. અર્થાત્ અસ્મિતામાં ભવિષ્ય કાલીન વિચારની અપેક્ષાએ સ્ત્રીનું સ્થાન મૃગજળ જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિષ્યમાં તવંગર થવા માટે ધનની પાછળ મચી રહેવું એ આસ્તિકતાની અનોખી આભડછેટ છે.

રોગથી નાસભાગ કરવી, રોગની ચિંતાથી પ્રાપ્ત ભોગોનો ત્યાગ કરવો, કચવાટથી ઇચ્છાનિરોધ કરી સંતોષ વાળવો અને સ્પષ્ટ શબ્દોમાં કહીએ કે આડકતરી રીતે મૃત્યુથી દૂર રહેવા પ્રયત્ન કરવો, મૃત્યુકારક નિમિત્તોથી ચેતતાં રહેવું આ એક પ્રકારની આસ્તિક સ્વભાવમાંથી ઉતરી આવેલ મનોવૃત્તિ છે.

મૃત્યુ જીત્યું છે એમ કહેવું તે સ્હેલ છે, પણ લક્ષ્મી–લીલા-પત્ની-મોટર–મીલકતને કોઇ લુટે તો પોતે મૌન રહે. માત્ર શેખી કરે તો પોલિસની સહાય માગે. મૃત્યુંજય મંત્રનો આજ ખરો અધિકારી કે ?

કોઇ પોતાને લુંટવા કે મારવા આવે તો તો બિચારી અસ્મિતાની ભાવનાજ લુંટાઇ જાય છે. અસ્મિતા યુગ પ્રવર્તક જ આ પ્રસંગે સામાને “ભાઇ સાહેબ” ના વિશેષણોથી વધાવે, સાથે સાથે પોતાની ભૂલની જાહેર માફી માગે. મૂર્ખાઇની લેખિત કરગરી આપે, પછી કદાચ જોર કરે તો કાયદાની કલમ શોધતાં માથું ખંજોળવા પુરતુંજ. અથવા સાચા અસ્મિતાનિષ્ઠને હેરાન કરવા, અસ્મિતાભાવથી ભ્રષ્ટ કરવા કોરટનું શરણુ લેવામાંજ. આ બંનેમાં અસ્મિતાનો લાયક વિધાયક કોણ ? લુંટારો કે લુંટાએલો ? જરૂર આ પ્રશ્ન અસ્થાને છે એમ નથી પણ સમર્પક છે, ગૂઢ છે.

ટુંકમાં કહી શકાય કે આ અણુ ઉકેલ કોયડામાં તો આસ્તિકતાનાજ ગેબી પડછંદા છે.

અસ્મિતાના પ્રવર્તકને ધન કુટુંબ કે સ્ત્રીનું મમત્વ હોવું ન જોઇએ. મારૂં શરીર કાળું છે, ધોળું છે, ગભરૂં છે, કર્કશ છે, અક્કડ છે એવો દેહમોહ નજ જોઇએ. તેને તો જોઇએ માત્ર ખરો આનંદ ! આનંદ ! ! અને આનંદ ! ! !

લી૦ મુનિ દર્શનવિજય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાતિ અને તેનો ઉદય.

( ગતાંક પ્રથમના પાના ૧૪ થી શરૂ. )

**સમાજ જ્ઞાતિ કુટુંબ અને વ્યકિત.**

વ્યકિતનો કુટુંબમાં સમાવેશ થાય છે, કુટુંબ એ જ્ઞાતિનું અંગ છે અને જ્ઞાતિ એ સમાજની એક પ્રકારની સંસ્થા છે. જ્ઞાતિ કુટુંબ અને વ્યકિત ઉપર કેટલોક કાબુ અને સત્તા ધરાવે છે અને તેવીજ સમાજ એ જ્ઞાતિ ઉપર સારસાઇ ભોગવે છે. વ્યકિત ઉપર આથી કેટલીક બેડીઓ પડે છે અને તેથી **વ્યકિત સ્વતંત્રતાના** મુખ્ય સિદ્ધાન્તોને હાનિ પહોંચે છે કેટલીકવાર તો પોતાના **અંતઃકરણના ફરમાનોને** પાછળ મુકી **જ્ઞાતિબંધનોને તાબે થવું** પડે છે, અને **તાબે નહીં** થનારનો કેટલીક **જ્ઞાત બહિષ્કાર** પણ કરે છે, આજ કારણને લીધે જ્ઞાતિને વ્યકિત અને કુટુંબ પ્રત્યે કેટલીક **જવાબદારીઓ** અને **જોખમદારી** રહેલી છે. કુટુંબહિત અને રક્ષણ કરવાનું જ્ઞાતિ માટે જરૂરનું છે. તેના સુખ અને દુઃખ વખતે તેને **યોગ્ય મદદ** આપવી પડે છે. આથી વ્યકિત અને કુટુંબ જ્ઞાતિ તરફથી લાભ અને ગેરલાભ મેળવે છે. જો વ્યકિત કે કુટુંબમાં બહુ સામર્થ્ય હોય તો તે જ્ઞાતિ ઉપર પોતાની લાગવગ ચલાવી શકે છે અને તેના વિચારો જ્ઞાતિ ગ્રહણ કરવા તૈયાર થાય છે. આમ એક બીજા ઉપર દરેક જણ રાજ્ય ચલાવે છે, બહુ જ્ઞાતિઓ મળી સમાજ થાય છે. જ્ઞાતિ એ **સમાજનું અંગ** છે. સમાજનાં સામાન્ય નિયમોને અનુસરી જ્ઞાતિ તેના ધારા નિયમોમાં કેટલોક ફેરફાર કરે છે. જ્ઞાતિના કેટલાક ફેરફારો **સમાજ ઉપર** પણ **અસર કરી** શકે છે. આ રીતે સમાજ એ જ્ઞાતિઓનું સમ્મેલન છે. હિંદુસમાજની કેટલીક જ્ઞાતિઓના ઘણુંખરા રીતરિવાજો અને ધારા નિયમો એક સરખા અને સામાન્ય હોય છે. સમાજ સુધારણાનો આધાર જ્ઞાતિ કુટુંબ અને વ્યકિતના ફેરફારમાં સમાએલો છે તે આપણે હવે પછી વિચારીશું.

આપણું હાલનું **સાંસારિક જીવન વિષમય** અને **અસંતોષી** બન્યું

* નોટ—ઉપરોકત વિષય અમદાવાદ વીશા ઓસવાળ જ્ઞાતિ માટે માંગવામાં આવેલ નિબંધ છે, જેના લેખક કલ્યાણભાઇ દલસુખભાઇ ઝવેરી બી. એ. છે. જે વર્તમાન કાળની જ્ઞાતિઓ માટે ઉપયોગી જાણી લેખક મહાશયનો ઉપકાર માની પ્રસિદ્ધ કરવા રજા લઇએ છીએ.

( માસિક કમીટી. )

For Private And Personal Use Only

છે. જ્ઞાતિમાં અશાંતિ અને અંધાધુંધી નજરે પડે છે.

**આપણા સાંસારિક જીવન ઉપર જ્ઞાતિની અસર.**

થોડીજ નાતોમાં તેના ધારાઓ અને રીતરિવાજોનો પુરેપુરો અમલ થાય છે. જ્ઞાતિ બંધારણ આને લઈને શિથિલ અને મોળું પડયું છે. ધારાઓ પણ નિર્માલ્ય અને કીંમત વિનાના લેખાય છે. આથી આપણાં સાંસારિક જીવનમાં પણ કેટલેક અંશે શિથિલતા આવી છે. કેટલાક કાયદાઓ આપણે સજા ખમ્યા વિના તોડી શકીએ છીએ અને તે કાયદાઓનો અનાદર કરવામાંજ મોટાઇ સમજાય છે. જો આવા પ્રકારના કાયદાઓ રાખવા હોય તો તેનો યોગ્ય રીતે અમલ કરાવવો; નહિ તો તેને દૂર કરવા જરૂરના છે, કારણકે કાયદાઓ તોડવામાં જો મોટાઇ મનાતી હોય તો તે કાયદાઓની અગત્ય પણ કશી નથી. નામની મોટી કાયદા પોથી રાખવાથી કાંઇ પણ લાભ થવાનો નથી. યોગ્ય બંધન હોય તો જ તેનો સારી રીતે લાભ થઇ શકે છે, નહીં તો વિશેષ હાનિ કરે છે. સુધારાના વાતાવરણે વ્યાજબી રીતે જ્ઞાતિ બંધારણમાં કેટલાક ગાબડાં પાડયાં છે અને તેને રીપેર કરી જ્ઞાતિ બંધારણ મજબુત અને આદર્શમય બનાવવું જરૂરનું છે. જ્ઞાતિના જુલ્મી અને ગેરવ્યાજબી કાયદાઓનો આશરો લઇ જ્ઞાતિમાં કેટલાક ગુન્હા અને પાપ કરવામાં આવે છે; જ્ઞાતિબંધુઓ ઉપર કેટલોક અત્યાચાર અને ક્રૂરતા વાપરવામાં આવે છે. આ કારણને લીધે આપણા જીવન ઉપર ઘણી ખરાબ અને ન ઇચ્છવા જોગ અસર થાય છે. આપણી નીતિ અને આચાર વિચાર વખોડવા લાયક બને તો નવાઇ જેવું નથી. માટે આમાં કેટલોક સુધારો કરીશું તો જ આપણું જીવન સુધરશે અને જ્ઞાતિ ઉદય બની શકશે.

**જ્ઞાતિ સુધારણાનો માર્ગ.**

જ્ઞાતિમાં પેઠેલા કેટલાક સડાઓ નાબુદ કરવા કેટલાક તરફથી બંડ ઉઠાવવાની પદ્ધતિનો ઉપયોગ કરવાનું સૂચન થાય છે. મકાનને પડેલાં ગાબડાં માટે તેને તોડી પાડવાનો ઉપદેશ થાય છે. રીપેર કર્યા પછી તેની કેવી સ્થિતિ રહે છે તેની રાહ જોવા દરકાર કરવામાં આવતી નથી. આ નિયમવાળા માણસો પાશ્ચાત્ય સુધારાનો મર્મ જાણ્યા વગર તે સુધારો આપણા દેશમાં એકદમ દાખલ કરી દેવા ઇચ્છે છે અને પ્રથમ જ્ઞાતિ બંધારણ તોડ્યાથી જ બીજા સુધારા બની શકશે તેવું કહે છે. પણ ખરી વાત તો એ છે કે જ્ઞાતિના ચાલુ રિવાજો શા ઉદ્દેશથી કરવામાં આવ્યા છે તે ઉદ્દેશો પ્રથમ સંપૂર્ણ રીતે તપાસ્યા પછી જ જ્ઞાતિ સુધારણાનું કાર્ય હાથ ધરવું જોઇએ. હંમેશાં ઉદ્દેશ અને કારણ વગર કાર્ય સંભવતું નથી, માટે સુધારા કરવા પહેલાં ઉદ્દેશો નક્કી કરવા એ ખાસ અગત્યનું છે. આપણા શાસ્ત્રોમાં મનુષ્ય જીવનનો ઉદ્દેશ અનુક્રમે ધર્મ અર્થ કામ અને મોક્ષની પ્રાપ્તિ છે. અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી જ્ઞાતિમાં કોઇ પણ નવો સુધારો દાખલ કરતા પહેલાં આ ઉદ્દેશો કેટલે દરજ્જે તેનાથી **સધાય છે તેને** સંપૂર્ણ વિચાર કરવો જરૂરને છે.

આ હેતુ **ફેશન અને કપડાંની ટાપટીપથી** સધાઇ શકે નહી એ દેખીતું જ છે. અને તેથી તેવા પ્રકારનો સુધારો તે સુધારો નહીં પણ કુધારો છે. પશ્ચિમના સુધારાનું રજેરજ અનુકરણ કરવું એ આજ કારણને લઇને યોગ્ય નથી. સ્વામી **વિવેકાનન્દે** કહ્યું છે કે: "**વિદેશી સમાજોની કાર્ય પદ્ધતિ ગ્રહણ કરવાનો પ્રયાસ નિરર્થક** છે. હિંદમાં તે પદ્ધતિ અશકય છે અને તે અશકય છે એટલા માટે આપણે ઇશ્વરનો આભાર માનવો જોઇએ. આપણે આપણી સમાજને મારી અમળાવી તેનું વિદેશી સમાજમાં રૂપાંતર કરીશું નહીં. અન્ય પ્રજાઓની સંસ્થાઓ પ્રત્યે હું ધૃણાની નજરથી જોતો નથી. તે સંસ્થાઓ તેમને માટે ઉપયુકત છે પણ આપણે માટે નથી. જે વસ્તુ તેમને માટે મીઠાઇની ગરજ સારતી હોય તે આપણે માટે ઝેરની ગરજ કેમ ન સારે ? પહેલો પાઠ તો આજ શીખવાનો છે. માટે સુધારકોએ **નાશ કરવાની રૂઢિને ત્યાગ કરી** વચલો વ્યાજબી અને **યોગ્ય માર્ગ** ગ્રહણ કરવાની જરૂર છે. થોડા મતવાળા સુધારાઓ અને ફેરફારો પ્રથમ દાખલ કરવા જોઇએ અને જે ફેરફાર કરવા જતાં લાંબો મતાંતર થતો હોય તે ફેરફારોને તાત્કાળિક મોકુફ રાખી તેને માટે જુના વિચારવાળાઓને સમજાવવા જોઇએ. સુધારણાના માર્ગમાં માંડવાળની પદ્ધતિ ઘણી લાભદાયી છે. ચુસ્ત જુના વિચારવાળાઓ સાથે રહી રફતે રફતે જ્ઞાતિ સુધારણાનું કાર્ય કરવામાં આવે તો માર્ગ ઘણો સુલભ અને સરળ બનશે. આપણા અમદાવાદના પ્રખ્યાત સુધારક રાવબહાદુર લાલશંકરની સલાહ વ્યાજબી જ છે કે; જે કાર્ય કરવાનું છે તે લોકોની **સાથે રહીને** જ કરવાનું છે, તેમનાથી છુટા પડી જઇ કરવાનું નથી.

**ખરો સુધારો કયો ?**

વિલાયતની **બાહ્ય રૂઢિઓ** દાખલ કરવામાં, ફેશનબાઇના **ગુલામ બનાવવામાં, કપડાંની મ્હોટી સીલાઇ** આપવામાં, ટાપટીપ કરીને આકર્ષક બનાવવામાં, વિના જરૂરે શોખની ખાતર **દંભી ખર્ચ** કરવામાં, બીસ્કીટ અને ચાહ લેવામાં, ઘરને **વિદેશી બિનજરૂરી ચીજોથી** શણગારવામાં, કોટ, પેન્ટ, કોલર, ટાઇ પહેરી હાથમાં સ્ટીક રાખી ડોલતાં ડોલતાં ચાલવામાં અને સાહેબ સલામમાં કાંઇ સુધારો નથી. સુધારો તો એવો જોઇએ કે જેથી આપણે હાલ છીએ તેથી વધુ **ચારિત્રવાન નીતિવાન** બનીએ. આપણી સુખ સગવડમાં વધારો થાય અને અર્થ વિનાની કેટલીક તકલીફો દૂર થાય. આપણા રીતરિવાજોમાં જે ખરેખર ઢોંગ અને ફારસ સમાન હોય તેને દૂર કરવાં એ ખરેખરો સુધારો છે. પછી તો એક ચીજ છોડી બીજી ગ્રહણ કરવી તેમાં સુધારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી પણ માત્ર સારા કે નરસા માટે ફેરફાર છે. વળી આપણી જ્ઞાતિમાં હાલમાં જે જે રિવાજો પ્રચલિત છે તે જે વખતે શરૂ થયા ત્યારે તે સમયના સંજોગોને અનુસરી કોઇ પણ ઉદ્દેશને લીધે જ થયા હોવા જોઇએ, તેટલા માટે તે ઉદ્દેશની બરોબર તપાસ કરી તે યોગ્ય હોય તો તેને સધાય એવી રીતે જ સુધારો થાય તો તે જ કાયમનો રહી શકે. આપણા લોકો **સંકુચિત વિચારના** છે અને જુનાને ચુસ્તપણે વળગી રહેવાની વૃત્તિવાળા છે. તેમને સારાસારનો નિર્ણય કરવા માટે જોઇતી દલીલો અને સમજુતી પૂરી પાડી ફેરફાર કરવાની અગત્ય બતાવવાની જરૂર છે. આપણું તે **સર્વ ખોટું** અને **પરદેશી તે સર્વ સારૂં** એ ન્યાય ઉપર સુધારા કરવા જતાં ખરો સુધારો બની શકશે નહીં અને કાયમને માટે ટકી શકશે નહીં. ખરો સુધારો તો સર્વને લાભદાયી અને સર્વમાન્ય બનશે.

કયા કયા સુધારાની જ્ઞાતિમાં જરૂર છે અને જ્ઞાતિમાંથી કયા કયા **સડાઓ દૂર કરવાના** છે તેનો વિચાર કરવાની જરૂર છે. પ્રથમ **વિચાર, ચર્ચા** અને પછી **કાર્ય** અને તેનો અમલ સંભવે છે. દરેક જ્ઞાતિમાં તે સંબંધી વિચારો દર્શાવવા અને ચર્ચા કરવા માટે એક મંડળ હોવું જોઇએ. અને સાધન અને સગવડ પ્રમાણે અમુક સમયને **આંતરે સભાઓ** ભરવી જોઇએ. તેમાં જે જ્ઞાતિ ઉપયોગી વિષયો હોય અને જ્ઞાતિમાં જેને માટે ઓછો મતભેદ હોય તેને જ્ઞાતિના **ધારા બાંધનારી મંડળી** ઉપર વિચાર માટે મોકલી આપવાથી જ્ઞાતિના ધારાઓ બાંધવામાં ઘણી મદદ મળી શકશે. આ રીતે દરેક પ્રશ્નની સઘળી બાજુઓ તપાસી શકાશે અને શાંતિથી દરેકને પુષ્ટિ આપનારી દલીલો અને રદીયા રજુ થશે. એથી સારાસારની વ્યાજબી તુલના કરવાનું સ્હેલું થશે એટલું જ નહિ પણ સંસાર સુધારાની કેટલીક ગુંચો આપણે સ્હેલાઇથી ઉકેલી શકીશું. સમાન આચાર વિચારવાળી જ્ઞાતિ પરિષદ્ રૂપે એકઠી મળી સુધારાઓ દાખલ કરાવવા પ્રયત્ન કરશે તો સમાજને ઘણો લાભ થશે એ નક્કી સમજવું.

**સુધારા માટે ચર્ચા.**

સુધારો જ્ઞાતિમાં દાખલ કરવાની આપણે ઉપર બતાવી ગયા તે રીત છે એમ નથી, પણ બીજી કેટલીક પદ્ધતિઓ છે તે આપણે હવે જોઇશું. જ્ઞાતિને સંબંધ રાખતા કેટલાક કાયદાઓ-સુધારાઓ રાજ્યના કાયદાથી દાખલ કરવામાં આવ્યો છે. કેટલાક સમાજ વિચારકો આ રીતે સુધારો દાખલ કરવાની વિરૂદ્ધ છે અને કહે છે કે 'કાયદાથી સુધારો દાખલ કરવાની રીત સાદી છે એટલુંજ નહિ પણ જલદી અસર કરનારી છે કારણ કે તેનો અનાદર કરનારને રાજ્ય તરફથી સજા અને આદર કરવા માટે સહાય મળે છે, એ વાત ખરી છે પણ તેથી લોકો ઉપર ઉંડી અસર થતી નથી અને

**સુધારો કઇ રીતે ?**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલીક વાર તો કાયદાનો ભંગ કરવાથી થતી સજા પણ ભોગવવા તૈયાર થાય છે. આ રીતના ફરજીયાત કાયદાઓ ગાયકવાડી રાજ્યમાં દાખલ થયા છે અને તેનો ઘણી વાર ભંગ થતો આપણે સાંભળીએ છીએ. વળી બીજી રીત તો એ છે વ્યક્તિનો સુધારો દાખલ કરી તેને જ્ઞાતિમાં નમુના રૂપે બતાવવો એ છે. સૌથી સારી રીત તો એ છે કે સુધારો કરવાની વૃત્તિને પુરતો ટેકો આપી લોકોના વિચારોને ખીલવવા અને સુધારાની જરૂરીયાત સાબીત કરી બતાવવી. આ રીતે સુધારાઓ દાખલ થવાથી તે ઘણા ઉંડા જશે અને મજબૂત બનશે એટલું જ નહિ પણ લાંબા કાળ સુધી ટકી રહેશે.

**જ્ઞાતિ અને સુધારકો.**

જ્ઞાતિનો ઉદય કરવાની **અભિલાષાવાળા ભાઇઓએ** પશ્ચિમ દેશના સુધારાના ઇતિહાસનો અભ્યાસ કરવો જોઇએ. અને તેમાં સમાએલા મુખ્ય સિદ્ધાન્તો તારવી જેટલે અંશે આપણા રીતરિવાજોને અને દેશની સ્થિતિને અનુકૂળ હોય તેટલે અંશે તેનો જ્ઞાતિ સુધારણામાં ઉપયોગ કરવાની જરૂર છે. વળી આપણાં દેશની પ્રાચીન સંસ્કૃતિનો ખાસ અભ્યાસ કરવાથી આપણી જ્ઞાતિઓના મુખ્ય આશયો અને ઉદ્દેશોને કયા સુધારા માફક આવે અને બંધબેસ્તા છે તે વિચારવાથી ઘણો લાભ થશે. મુખ્ય બીનાઓ અને મુદ્દાઓ વિનાનું જ્ઞાન શુષ્ક છે અને સુધારાની ખાલી વાતો કરી અટકી જવું વ્યાજબી નથી. કહેવાતા સુધારકોએ સમજવું જોઇએ કે દુનિયાને સુધારવા પહેલાં કે પોતાના વિચારોની માફક વર્તવાનું કહેતાં પહેલાં પ્રથમ પોતે સુધરવું જોઇએ અને પોતાના વિચારો પ્રમાણે વર્તી દાખલો બેસાડવો જોઇએ. કારણ કે વ્યક્તિનો સુધારો તે સમાજનો જ સુધારો છે. જો મક્કમ અને દ્રઢ મનના સુધારકો પોતે કાંઇ વ્યવહારિક કરી બતાવશે તો બીજા જ્ઞાતિબંધુઓ પોતાની મેળે તેમાંથી યોગ્ય વર્તન કરવાનું શિક્ષણ મેળવશે, આ રીતે સુધારાને જોઇતી સ્ફુર્તિ મળશે. વળી આપણે ગીતાનું વાકય ભૂલવું જોઇતું નથી. यद्यदाचरति श्रेष्टः तत्तदेवेत्तरो जनः ॥ શ્રેષ્ઠ પુરૂષો જે કાંઇ કરે છે તેનું બીજાઓ અનુકરણ કરે છે. **આપણા દેશમાં** હજુ કેટલીક જ્ઞાતિમાં **પૈસાવાળા શ્રીમંતો જ શ્રેષ્ઠ વર્ગમાં** ગણાય છે, તે જે **સુધારાઓ** કરે છે તેનું **સામાન્ય માણસો અનુકરણ** કરે છે. શ્રીમંતો પોતાના સંજોગોને અનુસરીને સુધારા કરે એ સ્વાભાવિક છે. તે જે **સુધારાઓ** કરે છે તે કેટલીક વાર **જ્ઞાતિ બંધુઓ ઉપર બંધનકર્તા થઇ** પડે છે અને જયારે કોઇ સામાન્ય માણસ નજીવો સુધારો પણ કરી શકતો નથી અને પ્રયત્ન કરે છે ત્યારે કહેવામાં આવે છે કે ફલાણા ફલાણા શેઠ તો આમ નથી કરતા અને તું કોણ કે સુધારો કરવા નીકળી પડયો છે. **સુધારો કરવાનો ઇજારો** એકલા **શેઠીઆઓ કે કેળવાએલાઓ** માટે નથી પણ સાદી સમજવાળા **બુદ્ધિશાળી અનુભવી વિચા-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રકો માટે છે; કારણ કે કોઇપણ સુધારો દાખલ કરનારના ઉપર ઘણી **ગંભીર જોખમદારી** રહેલી છે. તેમણે પોતાના **સ્વાર્થના** કે બીજા કોઇના **લાભ** માટે સુધારો દાખલ નહિ કરતાં આખા **જનસમાજને** ઉપયોગી સુધારો દાખલ કરવા પ્રયત્ન કરવો. જે મનુષ્ય વિચાર કરવાની શક્તિ ધરાવે છે અને કાર્ય કરવાની કુશળતા અને હિંમત દાખવી શકે છે તે **ખરો સુધારક** થવાને લાયક છે. આવા **લાયક સુધારકો જ્ઞાતિ ઉદય** તેમની **દ્રષ્ટિ સમીપ** રાખી જે કાંઇ કાર્ય આદરશે તેમાં **ફતેહમંદ થશે** એ **નિર્વિવાદ** છે.

**જ્ઞાતિમાં કેટલાક સુધારાઓ.**

જ્ઞાતિ સુધારણાનો માર્ગ અંકિત કર્યા પછી હવે જ્ઞાતિઓમાં ચાલતા કેટલાક કુરિવાજો નાબુદ કરવા પ્રયત્ન કરવાની જરૂર છે. દેખાદેખીથી કાર્ય કરવાની પદ્ધતિને લીધે કેટલીક જ્ઞાતિઓમાં કેટલાક ફેરફારો કે કુરિવાજો દાખલ થએલા છે અને તે વખતે જરૂરીયાતને સદ્ગુણ તરિકે ગ્રહણ કરવામાં આવે છે. પ્રથમ આપણી **લગ્ન પદ્ધતિ** તપાસીશું તો તેમાં ઘણો ગોટાળો દાખલ થએલો જણાશે. **વર કન્યાની ઉમ્મર કે સમાનતાનો** વિચાર કર્યા વિના જેમ તેમ **લગ્ન કરી દેવામાં** આવે છે અને તેથી ઘણી વાર **કજોડાં** થાય છે. લગ્નની ઉચ્ચ અને પવિત્ર ભાવનાનો બીલકુલ વિચાર સરખો પણ કરવામાં આવતો નથી. સ્વ૦ વૈદ્ય **અમૃતલાલ સુંદરજી પઢીયાર** લખે છે કેઃ—" લગ્ન એટલે આ જીંદગીનું સુખ. લગ્ન એટલે જુદા જુદા **અર્ધા અર્ધા રહેલા આત્માની એકતા—પૂર્ણતા.** લગ્ન એટલે **આત્માની ઉન્નતિ કરવાનો રાજમાર્ગ.** લગ્ન એટલે પોતાના સ્વાર્થો તજી **પરમાર્થો શીખવાની શાળા.** લગ્ન એ જગત્‌ની આબાદિ વધારવાનો ઉપાય. લગ્ન એટલે જીંદગીમાં મીઠાશ લાવવાનો કિમીયો; લગ્ન એટલે **મહાયજ્ઞ.** " આ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે મનુષ્ય જીવનમાં લગ્ન એ નાનીસુની બાબત નથી કે જેમાં સારાસારનો કાંઇ પણ વિચાર કર્યા વિના વરકન્યાને લગ્નની મજબૂત અને કાયમી ગાંઠથી જોડી શકીએ. કેટલીક નાતોમાં તો **કન્યાની કે મુરતીઆની** એટલી બધી અછત હોય છે કે તેને લીધે **કન્યાવિક્રય, વરવિક્રય** કે સાટાપાટી કરવામાં કાંઇ પણ હીણપદ મનાતું નથી. તેમાં વળી **કન્યાવિક્રય** વિશેષ થાય છે. **થોડા હજારોની કોથળીઓ** ખાતર નાની ઉગતી બાળાઓને તેમના **નિર્દય માબાપો પચાસ કે સાઠ વર્ષના** આધેડ પુરૂષો સાથે પરણાવી દે છે. કારણ કે તેઓ જાણીને જ બેઠાં છે કે; " **દીકરી અને ગાય, જયાં દોરે ત્યાં જાય.** " આથી પોતાના માબાપોના સ્વાર્થ અને મૂર્ખાઇ ખાતર બિચારી બાળાઓ ટુંક સમય દુનિયાનું દુઃખ ભોગવી ત્રાસદાયક ભડકાવનારૂં વૈધવ્ય પ્રાપ્ત કરે છે અને જીંદગી સુધી ઓશીયાળું અને રોદણાં રોવરાવનારૂં જીવન ગાળે છે. વળી આપણા દેશમાં વિધવાઓ વધી પડવાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બીજું કારણ બાળલગ્ન** છે. સમજ વિનાના બાળકોનાં લગ્નોમાં અને પુતળા પુતળીનાં લગ્નમાં નહિ જેવો ફેર છે એમ કહેવું કાંઇ ખોટું નથી. માબાપો લ્હાવો લેવાની ખાતર પોતાનાં કુમળાં અને નાજુક બાળકોનું ભાવિ જીવન ખારૂં બનાવે છે. સને ૧૯૧૧ ના વસ્તિપત્રકમાં રજુ થયેલા નીચેના આંકડાઓ તરફ ધ્યાન ખેંચવાની જરૂર છે.

આખા હિંદની ૧૩ લાખ જૈનોની વસતીમાં પંદર વરસની અંદરની ૮૦૬ વિધવાઓ છે. હિંદુ કોમમાં પાંચ વર્ષની અંદરની ૧૪;૭૭૫; ૫ થી ૧૦ વર્ષની અંદરની ૭૭૫૮૫ અને ૧૦ થી ૧૫ વર્ષની અંદરની ૧૮૧૫૦૭ વિધવાઓ છે. એકલા મુંબાઇ ઇલાકામાં ૧૦ વર્ષની અંદરની ૧૭૫૮૩ વિધવાઓ છે.

વિશેષમાં આપણી સ્ત્રીઓની શારિરિક સ્થિતિ ઘણી કફોડી થઇ ગઇ છે. બાર વર્ષની કાચી વયે જે બાલિકાઓ માતા બને છે તે ટુંકું જીંદગી ભોગવી " મરી જાય છે; " અને તેથી સ્ત્રીઓનું મરણ પ્રમાણ વિશેષ થતું જાય છે માટે લગ્નની વયમાં ફેરફાર કરવાની ઘણી અગત્ય છે. દરેક જ્ઞાતિએ લગ્નની લાયકાત માટેની ઉમર વધારવી જોઇએ. અને બાળલગ્ન થતાં અટકાવવા દરેક જાતના પ્રયાસો કરવા જરૂરના છે.

દેખાદેખીથી લગ્ન અને મરણ પ્રસંગે શકિત વિના ફરજીયાત જમણવાર કરવામાં મોટાં ખર્ચ કરવામાં આવે છે. તે બંધ કરાવાં જોઇએ. હાલમાં ચાલતી સખ્ત મોંઘવારીમાં પણ જમણવાર કર્યા વિના છુટકો થતો નથી. જે જ્ઞાતિમાં આવાં બંધનો હોય તે દૂર કરવાં જોઇએ. અમદાવાદ શ્રીમાળીની જ્ઞાતિએ એ બાબતમાં ઘણું શુભ પગલું લીધું છે અને શકિત હોવા છતાં પણ અમુક સંખ્યાના માણસો કરતાં વધુને જમણ આપવું નહિ. આનો બીજી નાતોએ ધડો લેવો જોઇએ, વળી જમણવારની પદ્ધતિમાં પણ કેટલોક ફેરફાર કરવાની જરૂર છે. ખાદ્ય પદાર્થોનો હદપારનો બિગાડ અને ગેરવ્યવસ્થા જ્ઞાતિભોજનનોની મીઠાશ ખેંચી લે છે, અને તેમની પ્રત્યે તિરસ્કાર પેદા કરાવે છે.

કેટલીક નાતોમાં એટલો હદપારનો રડવા કુટવાનો અને છાતી કુટવાનો રિવાજ છે કે કેટલીક સ્ત્રીઓ તો ત્યારપછી કેટલોક વખત માંદગી ભોગવે છે. કાઠિયાવાડમાં આ રિવાજ ઘણો પ્રચલિત છે તો તેમાં સુધારો કરવાની જરૂર છે. રોજ એ પ્રમાણે રડવા કુટવા કરતાં ધર્મ કથાઓ વંચાય તો ઘણો સારો બોધ થશે અને તે સ્ત્રીઓને સુધારવામાં પણ કાંઇક મદદગાર થઇ પડશે.

આ પછી લેખક મહાશય અમદાવાદની પોતાની વીશાઓશવાલ જ્ઞાતિના સં ૧૯૧૮ ના રિપોર્ટમાં વસતી પત્રક ઉપર ટીકા કરતા જણાવે છે કે ૮૩૭ પુરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અધ્યાત્મવાદ.

વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

( ગતાંક પૃષ્ટ ૫૧ થી શરૂ )

ભારતવર્ષના નવયુવકોએ ઉપર્યુક્ત બાબતોમાંથી બોધ લેવો જોઇએ, તેઓને પુરેપુરૂં સમાધાન થવું જોઇએ કે પ્રમાદિની પાર્થિવ શક્તિની અપેક્ષાએ આધ્યાત્મિક બળનું ઘણું જ મહત્વ છે. આધ્યાત્મિક બળ અનાદિ તેમજ અનંત છે. પરંતુ પાર્થિવ શક્તિ ક્ષણભંગુર તથા દેશકાળને આધીન છે. તે ઇશ્વર તેમજ ધર્મના સુદૃઢ પાયા ઉપર અવસ્થિત નહિ હોવાથી રેતીની દિવાલ માફક તેનો વિનાશ વ્હેલો મોડો નિશ્ચિત છે.

જે પરિસ્થિતિમાં નવયુવકો મુકાયા હોય તેનો તેઓએ સદુપયોગ કરવો જોઈએ અને આધ્યાત્મિક શક્તિ સંપાદન કરવી જોઇયે. એજ શક્તિની આજે ભારતવર્ષને અત્યંત આવશ્યકતા છે. તેઓએ ગંભીર વિચારપૂર્વક એકવાર પોતાનો આદર્શ નક્કી કરી લેવો જોઈયે, તેઓ ભારતની સભ્યતાને ઉન્નતિના શિખર ઉપર લઇ જનાર પ્રાચીન રૂષિઓના અનુગામી બનવાના કે સંસાર-વિનાશકારી માકર્સ, મુસોલિની તથા સ્ટેલીનના ભૌતિકવાદનું અનુકરણ કરવાના ?

હમેશાં સ્મરણમાં રાખવા જેવી વાત છે કે મેઝીનીના મધુર શબ્દોમાં રાષ્ટ્ર એ એક એવું યન્ત્રવિશેષ છે કે જે દ્વારા તેમાં રહેલી જાતિઓનું કલ્યાણ થાય છે.

---

ષોમાં ૨૯૩ પુરૂષો સદા અવિવાહિત રહે છે “ કેટલીક મોટી સંખ્યાવાળી જ્ઞાતિઓ કેટલીક શહેરમાંથી નાશ થયાનું કારણ કેટલાક કારણોમાંનું આ પણ મજબૂત કારણ છે. અને પોતાનો જ્ઞાતિ તે રીતે યોગ્ય સુધારો ન કરે તો બહુ ગંભીર પરિણામ થવાના ચિન્હો જણાવે છે. અને કેટલીક જ્ઞાતિઓના સાંકડા વર્તુલને લીધે અને કેટલાક બંધનને લીધે આખી જીંદગી કુંવારી ગાળવી પડે છે. માટે જે જ્ઞાતિ સાથે રોટી વ્યવહાર છે ત્યાં બેટી વ્યવહાર કરવો જોઇએ અથવા તેવી જ્ઞાતિમાંથી ફકત કન્યા લાવવાની છૂટ આપવી જોઈએ. આમ ન થાય તો તેવી નાની જ્ઞાતિ માટે ભવિષ્યમાં તેના માઠા પરિણામ આવશે. ”

હવે પરદેશ ગમન કરવા માટે જ્ઞાતિએ પણ છૂટ આપવી જોઇએ તે જણાવે છે.

(ચાલુ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાષ્ટ્રના નૈતિક મૂલ્યનો એજ એક મૂલમંત્ર છે. પ્રત્યેક દેશ માનવ સમાજનું એક કાર્યાલય છે અને રાષ્ટ્ર તેમાં સમક્ષ એક જીવતું જાગતું કાર્ય છે. રાષ્ટ્રનું જીવન પણ તેનું પોતાનું જીવન નથી. એ તો એક સાર્વભૌમ ઇશ્વરીય કાર્યક્રમની એક વ્યવસ્થા અને બળ છે. અજ્ઞાન દેશોના પરાક્રમી ધૂર્ત શત્રુઓ ઉપર વિજય મેળવવા માટે માનવસમાજ એક મહાન ચતુરંગી સેના સમાન છે. માનવસમાજની અંતર્ગત જુદી જુદી જાતિઓ એ મહાન સેનાના જુદા જુદા અંગરૂપ છે જેણે પોતપોતાના કર્ત્તવ્યોનું પાલન કરવું જોઇએ, જેટલી સત્યતા તથા તન્મયતાપૂર્વક એનું કાર્ય કરવામાં આવે છે તેના પ્રમાણમાં તેને વિજય પ્રાપ્તિ થાય છે.

મહાન ઋષિ મુનિઓની આ પુણ્ય ભૂમિમાં આપણા કેટલાક નેતાઓ દેશમાંથી ઇશ્વર તથા ધર્મનો બહિષ્કાર કરી રહ્યા છે એ અત્યંત દુઃખની વાત છે. અમે નવયુવકોને ખૂબ ભારપૂર્વક તથા ગંભીરતાપૂર્વક કહેવા ઇચ્છીએ છીએ કે જો તમે દેશની યત્કિંચિત્ સેવા કરવા ઇચ્છતા હો, જો તમારા અંતરમાં દેશોદ્ધારની જરાપણ લગની હોય તો તમારે તમારી માતૃભૂમિ ઉપર આવી પડેલા સંકટની ઉપેક્ષા કદિ પણ ન કરવી જોઇએ.

ભારતવર્ષની દેશભક્તિ ધર્મના આધાર ઉપર અવસ્થિત રહેવી જોઇએ, ઋષિ મુનિઓની આ પુણ્યભૂમિએ સંસારને દિવ્યાલોક પ્રદાન કરવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. હમેશાં સ્મરણમાં રાખો કે ભારતવર્ષ સમક્ષ એક મહાન કાર્યક્રમ, એક પવિત્ર કર્તવ્ય, એક ગંભીર જવાબદારી આવી પડેલ છે અને તેનો મોટો ભાર કેવળ તમારી ખાતર નહિ પણ સમસ્ત સંસારના કલ્યાણાર્થે છે.

આપણી દેશભક્તિ કેવળ લાંબી લાંબી વાતો કરવામાં સમાપ્ત ન થવી જોઇએ. પરંતુ તે શાંત, વીરતાપૂર્ણ તથા આધ્યાત્મિક જ્યોતિ વડે પ્રજ્વલિત થવી જોઇએ, આપણા લોકોનું કર્ત્તવ્ય છે કે એવા પ્રકારનું અદમ્ય નૈતિક તથા આધ્યાત્મિક બળ પેદા કરવું કે જેને લઇને કેવળ આપણી માતૃભૂમિ જ નહિ, પરંતુ સમસ્ત સંસાર નવજીવન પ્રાપ્ત કરે. સંસાર કે જે આજે ભૌતિકવાદમાં તલ્લીન બની ગયો છે.

ઇટાલીનો ઉદ્ધાર કરનાર મૈઝીનીએ ત્યાંના નવયુવકોને પ્રોત્સાહિત કરવા માટે જે દેશભક્તિ પૂર્ણ પ્રજ્વલિત શબ્દોનો પ્રયોગ કર્યો હતો તે જાણવા જેવા છે. તેણે કહ્યું હતું કે "બંધુઓ, તમારી માતૃભૂમિને ચાહો, એજ આપણી જન્મભૂમિ છે. માતૃભૂમિના આ મંદિરમાં પરમાત્માએ એક મહાન પરિવારની સ્થાપના કરી છે. તેના ઉપર આપણને પ્રેમ હોવો જોઇએ અને આપણે તેનો પ્રેમ પ્રાપ્ત કરવો જોઇએ. આપણને તેની સ્થિતિનું જ્ઞાન હોવું જોઇએ અને તે આપણી સ્થિતિ બરાબર સમજે. બસ, તે મહાન્ પરિવારની સ્થાપનાનો એ એક ઉદ્દેશ છે." આપણે જો મૈઝીનીના જ શબ્દોની પુનરાવૃત્તિ કરીએ તો કહી શકીયે કે, તમારા દેશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફ પ્રેમ રાખો. તમારા દેશના પરંપરાગત ઇતિહાસનું ગૌરવ સમજો અને માનવ–સમાજનું ભલું કરવા માટે હમેશાં કટિબદ્ધ રહો. આપણા ઋષિઓએ આપણને બોધ આપ્યો છે કે ' પ્રેમ ' એક દિવ્ય હથિયાર છે જેના બળથી આપણે સમસ્ત સંસાર પર વિજય પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણો વિજય પ્રેમથી પરિપૂર્ણ હોવો જોઇએ. ઇશ્વરપ્રત્યે પ્રેમ, ધર્મપ્રત્યે પ્રેમ, દેશપ્રત્યે પ્રેમ અને માનવ સમાજ પ્રત્યે પ્રેમ અને જ્યાં જ્યાં મનનાં તરંગો દોડે ત્યાં ત્યાં સર્વત્ર પ્રેમ વ્હેવો જોઈએ, ભારતીય જીવનનો એજ આદર્શ છે અને એ આદર્શને આપણા મહર્ષિઓએ આપણી સમક્ષ મૂકયો છે.

દેશભક્તિનો અર્થ શુદ્ધ પ્રેમ છે, એ પ્રેમ પવિત્ર તેમજ સ્વાર્થશૂન્ય હોય છે, સત્ય તેમજ ન્યાય તેનો આધાર છે. તેનો આત્મા પોતે જ પરમાત્મા છે. ધર્મ તેનું શરીર છે અને જનતા એની જુદી જુદી ઇન્દ્રિયો છે. સાચા દેશભકતનું હૃદય પ્રેમભાવનાથી છલકાઇ જાય છે. તેનું પ્રેમપૂર્ણ હૃદય કોઇએક દેશ અથવા રાષ્ટ્રને માટે નહિ, પરંતુ સમસ્ત સંસારને માટે ખુલ્લુ રહે છે. એટલા માટે જ આપણા નવયુવકો ભૌતિકવાદની વેદિ ઉપર પોતાનું બલિદાન આપી દે એ લેશ પણ ઇષ્ટ નથી, મેઝીનીએ પોતાના નવયુવક મિત્રોને સૌની સાથે દયાલુપણે વર્તવાનું કહ્યું હતું, એ ઘણીજ ઉત્તમ વાત છે. અત્યંત દયાળુ બનીને માનવ-સમાજની સેવામાં પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દેવું જોઇએ. ભારતવર્ષ દેશભક્તિનો કેવો અર્થ કરે છે એ વાત પ્રત્યક્ષ સિદ્ધ કરી આપીને આપણે જગત્‌ને આશ્ચર્યચકિત કરી દેવું જોઇએ. આપણે આપણા દેશ પ્રત્યે પ્રેમ રાખવો એટલું જ નહિ પણ બીજા દેશો તરફ પણ તેવો જ પ્રેમ રાખવો જોઇએ. દેશભકિતના એ વાસ્તવિક અર્થ પાસે આપણે હમેશાં શ્રદ્ધાપૂર્વક આપણું મસ્તક નમાવવું જોઇએ અને એ ભાવનાયુકત દેશભકિતની પવિત્ર મૂર્તિથી આપણું હૃદય–મંદિર હમેશાં આલોકિત રહેવું જોઇએ.

યુવાન બંધુઓ, ઉઠો, કુંભકર્ણી નિદ્રાનો ત્યાગ કરો. સંસારભરમાં અધ્યાત્મવાદની વિજયપતાકા ફરકાવવાને તૈયાર થઇ જાઓ. મહાત્મા બુધ્ધે જે રીતે કામદેવને પરાસ્ત કર્યો તેમ તમારી સાધના દ્વારા તમે પણ ભૌતિકવાદને પરાજીત કરો. માતૃભૂમિનો અંતિમ ઉદ્ધાર તમારા જ હાથમાં છે. એ ઉદ્ધાર પર આખા જગત્‌ની દૃષ્ટિ લાગેલી છે, ભારતવર્ષના ઉદ્ધારની પ્રત્યક્ષ મૂર્ત્તિ આપણી સન્મુખ ઉભી છે. અંતરાત્મામાંથી એજ આશયનો સ્પષ્ટ પ્રતિધ્વનિ સંભળાય છે. એટલા માટે ઉઠો, જાગો અને પરમાત્મામાં તેમ જ તમારી શકિતમાં વિશ્વાસ રાખો. જો ભારતવર્ષ અને તેના આદર્શ પ્રત્યે, રૂષિ મુનિઓ તેમજ તેના ઉપદેશો પ્રત્યે તમે અચલ શ્રદ્ધા રાખશો તો છેવટે વિજય તમારો જ છે. ( સંપૂર્ણ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમવસરણ રચના.

( ગતાંક પૃષ્ઠ ૪૮ થી શરૂ. )

હવે ગઢ પર ચડવાના પગથીયાનું વર્ણન કરવામાં આવે છે—પ્રથમ ગઢમાં જવાના જમીનથી ચાંદીના ગઢના દરવાજા સુધી દશ હજાર પગથીયાં છે અને દરવાજાની પાસે જવાના ૫૦ ધનુષની સમપ્રતર જમીન છે. બીજા ગઢ ઉપર જવાને માટે ૫૦૦૦ હજાર પગથીયાં છે. દરવાજા પાસે ૫૦ ધનુષનો સમપ્રતર આવે છે. ત્રીજા ગઢપર જવાને ૫૦૦૦ પગથીયાં છે અને તે જગ્યાએ ૨૬૦૦ ધનુષનો પીઠમધ્ય છે, તે પીઠથી ભગવાનના સિંહાસન સુધી જવાના દશ હજાર પગથીયાં છે.

સમવસરણના દરેક ગઢને ચાર દરવાજા છે અને દરવાજાની આગળ ત્રણ ત્રણ પગથીયાં છે. સમવસરણના મધ્ય ભાગમાં જે ૨૬૦૦ ધનુષનું પીઠ પૂર્વે કહેલ છે, તેના ઉપર બશેંહ ધનુષ લાંબો પહોળો અને તીર્થંકર ભગવાનના શરીર પ્રમાણ ઉંચો એક મણિપીઠ નામનો ચોતરો છે કે જેના ઉપર ધર્મનાયક તીર્થંકર પ્રભુનું સિંહાસન રહે છે; તેમજ જમીનના તળીયાથી તે મણિપીઠના ઉપરના તળ સુધી અઢી કોસ ( પૃથ્વીથી અઢી કોસ ) સિંહાસન ઉંચું હોય છે. કારણ કે ૫૦૦૦×૫૦૦૦×૧૦૦૦૦ એ રીતે વીસ હજાર પગથીયાં છે, જે દરેક એક એક હાથ ઉંચા હોવાથી ૫૦૦૦ ધનુષ–અઢી કોસ થાય છે.

**હવે અશોક વૃક્ષનું વર્ણન બતાવે છે**—તીર્થંકરોના શરીરથી બારગુણાથી કંઇક અધીક યોજન લાંબુ પહોળું, તેમજ જેની શીતળ અને સુગંધિત છાયા છે તથા ફળફુલ પત્રાદિ લક્ષ્મીથી સુશોભિત હોય છે. તેની નીચે મનોહર અને વિશાળ રત્નમય એક દેવછંદા હોય છે તેના ઉપર ચારે દિશામાં પાદપીઠ સહિત ચાર રત્નમય સિંહાસન હોય છે. ચારે સિંહાસન ઉપર ત્રણ ત્રણ છત્રો રચે છે. પૂર્વ દિશા સન્મુખ સિંહાસન ઉપર ત્રણભવનના નાથ તીર્થંકર મહારાજ બિરાજમાન થાય છે. બાકીની દિશા સન્મુખ દેવતાઓ પ્રભુના પ્રતિબિંબ બિરાજમાન કરે છે, તે એટલા માટે કે ચારે દિશાએ રહેલ પરિષદા પોતપોતાના દિલમાં એ સમજે કે ભગવાન અમારી સામે બિરાજમાન થઇ દેશના આપે છે.

સમવસરણના દરેક દરવાજા ઉપર આકાશમાં લહેરો ખાતી સુંદર ધ્વજાઓ, છત્ર, ચામર, મકરધ્વજ, અષ્ટમંગળો, સુંદર મનોહર વિલાસ સહિત પુતલીયો, પુષ્પો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી શત્રુંજય તીર્થ ઉદ્ધાર પ્રબંધ.

સંગ્રાહક:—આત્મવલ્લભ.

શ્રી શત્રુંજય તીર્થની પ્રાચીનતા અને તેના અપૂર્વ પ્રભાવે મનુષ્યોના હૃદયમાં ભકિત માટે ઉંડી છાપ પડેલ હોવાથી સર્વ કાળે સર્વ તીર્થોમાં તેની મુખ્ય તીર્થ તરીકેની ગણના થયેલી છે. આ તીર્થ શાશ્વતું છે. અને તેને માટે સૂત્ર આગમોમાંથી પણ અનેક સાહાદતો મળી શકે છે. વળી ઐતિહાસિક દ્રષ્ટિએ પણ પ્રાચીનતા અનેક ગ્રંથોથી સિદ્ધ થાય છે. આ ચોવીશીમાં અત્યાર સુધીમાં તેના સોળ ઉદ્ધાર મુખ્ય થયા છે. અને તે બધાનું વર્ણન કરતાં એક ઐતિહાસિક સાહિત્ય તૈયાર થાય તેવું છે. અમારાથી બને તેટલો પ્રયત્ન કરી જે જે ઉદ્ધારની હકીકત મળી શકે તે તે લેખરૂપે અને પછી ગ્રંથ રૂપે પ્રગટ કરવા ઇચ્છા છે. તેને લઇને સોળમો ઉદ્ધાર કે જે કર્માશાહે કરાવેલ તે મૂળ અને ભાષાંતર સાથે ગ્રંથરૂપે અને ત્યારબાદ આ માસિકમાં સવિસ્તર લેખ રૂપે આપેલ છે તે મુજબ પંદરમા ઉદ્ધાર કે જે સમરાશાહ ( સમરસીંહ ) ઓસવાળે કરાવ્યો છે તેનું વર્ણન કંઇક ઐતિહાસિક રીતે આ નીચે આપીએ છીએ.

આ પવિત્ર તીર્થ શ્રી શત્રુંજય ઉપર અત્યાર સુધીમાં સોળ ઉદ્ધાર થયા છે. જે કરાવનાર મહાપુરૂષોનાં નામ નીચે પ્રમાણે છે.

---

ની સુગંધિત માલાઓ, વેદિકા, પ્રધાન કલશ, મણિમય તોરણો અનેક પ્રકારના ચિત્રોથી સુશોભિત, ધૂપ ઘટી વગેરે સર્વે ઉત્તમ સામગ્રી વાણવંતર દેવો કરે છે. એક હજાર યોજન ઉંચો, અનેક લઘુ ધ્વજાપતાકાઓથી મંડિત મહેન્દ્રધ્વજ જેનાં નામ ધર્મધ્વજ, માનધ્વજ, ગજધ્વજ, અને સિંહધ્વજ આકાશના તળીયાના ઉલંઘતી ચારે દરવાજે હોય છે. જે સ્થળે સ્થળે જે જે પ્રમાણમાન કહેલ છે તે સર્વે આત્મ અંગુલ અર્થાત્ જે જે તીર્થંકર ભગવાનનું શાસન જે જે વખતે હોય તેઓશ્રીના હાથોનું સમજવું.

પૂર્વ દરવાજાથી તીર્થંકર ભગવાન સમવસરણમાં પ્રવેશ કરે છે પ્રદક્ષિણાપૂર્વક પાદપીઠપર પગ રાખી પૂર્વ સન્મુખ સિંહાસન પર બિરાજમાન થઇ પ્રથમ " नमोतित्थस्स " કહી ધર્મદેશના આપે છે. બાર પરિષદાનું વર્ણન હવે જણાવવામાં આવશે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ ઉદ્ધાર ભરત મહારાજે, બીજો દંડવીર્ય નૃપતિ, ત્રીજો ઇશાનઇંદ્ર, ચોથો માહેંદ્રે, પાંચમો શચીપતિએ, છઠ્ઠો ચમરેન્દ્ર, સાતમો સગર ચક્રીએ, આઠમો વ્યંતરેન્દ્ર, નવમો ચંદ્રજસા રાજાએ, દશમો ચક્રાયુધ રાજાએ, અગીયારમો રામચંદ્રજીએ, બારમો પાંડવોએ એટલા આ ચોવીસીના ચોથા આરામાં તથા તેરમો જાવડશાએ, ચૌદમો બાહડ મંત્રીએ, પંદરમો સમરાશાહે અને સોળમો કર્માશાહે અને છેલ્લો ઉદ્ધાર આ પાંચમા આરામાના છેવટે દુપ્પસહસૂરિના ઉપદેશથી વિમલવાહન ભૂપાલ કરાવશે. અત્યારે સોળ ઉદ્ધાર થયા છે જેમાં આ લેખમાં પંદરમા ઉદ્ધાર કે જે સમરાશાહે શેઠે કરાવ્યો છે તેની હકીકત આપીયે છીએ.

આપણે આ લેખમાં પંદરમા ઉદ્ધારની હકીકત આપવાની છે. તેરમા સૈકામાં ચૌદમો ઉદ્ધાર થયા પછી ચૌદમા સૈકામાં આ પંદરમો ઉદ્ધાર સમરાશાહ કરાવે છે.

ભારતવર્ષમાં મુસલમાની રાજ્ય થયા પછી તેમણે આ દેશમાં અનેક હિંદુધર્મોનો અને ધર્મ સ્થાનોનો નાશ કર્યો છે આ તીર્થ પણ તેનાથી બચ્યું નથી. સં. ૧૩૬૯ ની સાલમાં ખીલજી વંશના અલ્લાઉદ્દીનના સૈન્યે મુખ્ય મંદિરનો નાશ કર્યો અને દેવાધિદેવ આદિ પ્રભુની પરમ પવિત્ર પ્રતિમાનો ભંગ કર્યો. સમકાલીન તે વખતે ગુજરાતના પાટનગર પાટણ શહેરમાં ઓસવાળ જ્ઞાતીય દેશળશાહ અને તેનો પુત્ર સમરસિંહ ( સમરોશાહ ) રહેતા હતા. તેઓ દેવ ગુરૂ ધર્મના સંપૂર્ણ ઉપાસક, જૈન નરરત્ન બુદ્ધિમાન લાગવગવાળા અને ધનાઢ્ય પુણ્યશાળી પુરૂષો હતા, શ્રદ્ધાળુ બન્ને પિતા પુત્રને એ તીર્થના ધ્વંસની હકીકત જાણી પારાવાર દુઃખ થયું અને તે વખતના ઉકેશ ગચ્છના ધુરંધર આચાર્યશ્રી સિદ્ધસેન સૂરિના ઉપદેશથી આ પુણ્યશાળી આત્માને તીર્થના ઉદ્ધારની તીવ્ર ઉત્કંઠા થઈ અને ગુરૂવર્યની સહાય માંગી. અલ્લાઉદ્દીન ખીલજીનો પાટણ શહેરનો વહીવટ કરનાર અલ્પખાન નામનો સુબો હતો તેનો સમરસિંહ પ્રીતિપાત્ર અને વિશ્વાસુ મિત્ર ઘણા વખતથી હતો, પિતા દેશળશાહના આદેશથી તીર્થોદ્ધારના કાર્યોમાં સાવધાન થઇ શ્રી સિદ્ધસેનસૂરિ પાસે જઇ જ્યાં સુધી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર પૂર્ણ ન કરૂં ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન કરીશ, દિવસમાં બે વખત નહીં ખાઉં, ખેલ (પીઠી) તેલ અને પાણી એ ત્રણે વસ્તુથી સ્નાન નહીં કરૂં, એક વિગઇ ખાઇશ અને ભોંયપર સૂઇશ એ પ્રમાણે અભિગ્રહ ધારણ કરી પિતાની પાસે આવી હકીકત જણાવી. ધન્ય છે તેવા પુણ્યશાળી ઉત્તમ નરને ! ત્યારબાદ મણી, મોતી, વસ્ત્ર, સુવર્ણ, અને અલંકાર વગેરે ઉત્તમ વસ્તુઓનું ભેટણું લઇ ફરમાન મેળવવા અને સંતોષ પમાડવા સુબા અલ્પખાન પાસે સમરસિંહ આવ્યો. પ્રણામ કરી ભેટણું મૂકયું જેથી ખાન આનંદ પામ્યો અને આવવાનું કારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂછયું. સમરસિંહે જણાવ્યું કે તમારા સૈન્યે અમારા શત્રુંજય તીર્થનો ભંગ કર્યો છે અને બધા ધાર્મિક કૃત્યો અમારા અટકી પડયા છે જેથી મારે તીર્થ ઉદ્ધાર કરવો છે તેમાં આપની આજ્ઞાની જરૂર છે. તે સાંભળી અલ્પખાન અત્યંત પ્રસન્ન થયો અને ઇચ્છિત કાર્ય કરવા કહ્યું. તે માટે સમરસિંહે ફરમાન માગતાં સહી કરી ફરમાન સાથે સુવર્ણની મણી મોતી જડેલી શિરસ્ત્રાણ સહિત તશ્રીફ આપતા ખાને સમરસિંહને તેનું કાર્ય સિદ્ધ કરવા જણાવ્યું. અને ખાનને પ્રણામ કરી તેણે આપેલા ઉત્તમ અશ્વ ઉપર સ્વારી કરી અલ્પખાનના સેવક બહેરામ મલીકની સાથે પોતાના ઘરે આવ્યો. અને જુદી જુદી ભેટો વડે બહેરામ મલેકને સંતુષ્ટ કર્યો. ત્યાંથી સમરસિંહ નગરજન સહિત ગુરૂ પાસે આવ્યો ત્યાં ગુરૂમહારાજને વંદન કરી હકીકત જણાવી. ગુરૂમહારાજે તેનું ભાગ્ય ઉત્તમ જણાવી પોતે આનંદ પામ્યા. સમરસિંહે જણાવ્યું કે ભૂતકાળમાં વસ્તુપાળ મંત્રીએ મૂર્તિ માટે મમ્માણુ શૈલહીની આરસની શીલા મંગાવી હતી અને જાણવા પ્રમાણે તે ભોંયરામાં અક્ષત છે તેની પ્રતિમા કરાવું ?

ગુરૂએ જણાવ્યું કે તે શ્રી સંઘને સોંપેલ છે માટે ચતુર્વિધ સંઘની આજ્ઞા લઇને કરાવી શકાય માટે તેમ કરો.

ત્યારબાદ સમરસિંહે શ્રીનેમનાથ પ્રભુના મંદિરમાં સર્વે આચાર્યો, શ્રાવકો અને સંઘના આગેવાનો ભેગા કર્યા અને હાથ જોડી વિનંતી કરી કે હિંદુ ધર્મના વૈરી મ્લેચ્છોએ શ્રી શત્રુંજય તીર્થાધિપતિની પ્રતિમાનો ભંગ કર્યો છે. તીર્થ અને તીર્થ નાયકનો ઉચ્છેદ થવાથી શ્રાવકોના સર્વ ધર્મો અસ્ત થશે વગેરે. માટે આપની આજ્ઞા હોય તો મંત્રી વસ્તુપાળે મમ્માણુખાણુથી લાવેલ આરસશિલા હજી ભોંયરામાં અક્ષત પડેલ છે તે શ્રી સંઘને સોંપેલ છે જેથી આપની આજ્ઞા હોય તો તે અથવા બીજી ફલહી મંગાવી હું તીર્થરાજની પ્રતિમા કરાવું.

આચાર્યો—સંઘપતિઓ અને શ્રાવકો સમરસિંહની પ્રશંસા કરતાં બોલ્યા કે આ ભયંકર સમય છે જેથી મંત્રીએ ઘણા દ્રવ્યના વ્યયથી લાવેલી તે શિલા અત્યારે બહાર કાઢવાનો સમય નથી, માટે તે ભલે હાલ ત્યાં રહે અને તમે આરાસણની ખાણમાંથી બીજી શિલા મંગાવી નવીન પ્રતિમા કરાવો એમ સંઘે આનંદ પૂર્વક જણાવ્યું. શ્રી સંઘની આજ્ઞા માથે ચડાવી ઘેર આવી પિતા દેશળશાહને સર્વ વૃત્તાંત જણાવ્યો.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પરમાર્હત યશસ્વી મહારાજાધિરાજ શ્રી કુમારપાળ કૃત આત્મનિન્દારૂપ જીનેન્દ્ર સ્તુતિનો

# રહસ્યાત્મક પદ્યાનુવાદ.

( મંદિર છો મુક્તિતણા—એ રાગ. )

સર્વે સૂરેન્દ્રોના નમેલા મુકુટ ત્હેનાં જે મણિ
ત્હેનાં પ્રકાશે ઝળહળે પદ્દપીઠ ને ત્હેનાં ધણી
આ વિશ્વનાં દુઃખો બધાયે છેદનારા હે પ્રભુ
જય જય થજો જગબન્ધુ તુમ એમ સર્વદા ભાવુ વિભુ (૧)

વિતરાગ હે કૃતકૃત્ય ભગવન્ આપને શું વિનવું
હું મૂર્ખ છું મહારાજ જેથી શક્તિ હીન છતાં સ્તવું
શું અર્થી વર્ગ યથાર્થ સ્વામિનું સ્વરૂપ કહી શકે
પણ પ્રભો ત્હારી ભક્તિ પાસે યુક્તિઓ એ ના ટકે (૨)

હે નાથ નિર્મળ થઇ વસ્યા છો આપ દૂરે મુક્તિમાં
તોએ રહ્યા ગુણ ઓપતા મુજ ચિત્ત રૂપી શુક્તિમાં
અતિ દૂર એવો સૂર્ય પણ શું આરસીના સંગથી
પ્રતિબિંબ રૂપે આવી અહીં ઉદ્યોતને કરતો નથી (૩)

પ્રાણી તણા પાપો ઘણાં ભેગા કરેલાં જે ભવે
ક્ષીણ થાય છે ક્ષણમાં બધાં તે આપને ભાવે સ્તવે
અતિ ગાઢ અંધારાતણું પણ સૂર્ય પાસે શું ગજું
એમ જાણીને અતિ હર્ષથી હું આપને નિત્યે ભજું (૪)

શરણ્ય કરૂણા સિંધુ જીનજી આપ સર્વ ભક્તના
મહામોહ વ્યાધિને હણો છો શુદ્ધ સેવા શક્તિના
આનન્દથી હું આપ આણા મસ્તકે નિત્યે વહુ
તોએ કહો કયા કારણે એ વ્યાધિના દુઃખો સહુ (૫)

સંસારરૂપ મહાટવીનાં સાર્થવાહ પ્રભુ ત્હમે
મુકિત પુરી જાવા તણી ઇચ્છા અતીશય છે મને
આશ્રય કર્યો તેથી પ્રભો તુજ તોય આતમ તસ્કરો
મુજ રત્ન ત્રય લુંટે વિભો રક્ષા કરો રક્ષા કરો (૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુ કાળ આ સંસાર સાગરમાં પ્રભુ હું સંચર્યો
થઇ પુણ્ય રાશી એકઠી ત્યારે જીનેશ્વર તું મળ્યો
પણ પાપ પુંજ સમાન હું ભક્તિ બરાબર નવ કરૂં
જઇ કલ્પવૃક્ષ કને પ્રમાદી એમ હું ભુખે મરૂં (૭)

આ કર્મરૂપ કુલાલ મિથ્યા જ્ઞાન રૂપી દંડથી
ભવચક્ર નિત્ય ભમાવતો દિલમાં જરી ડરતો નથી
કરી પાત્ર મુજને પુંજ દુઃખનો મોહ માયાના બળે
વીણ આપ આ સંસાર કોણ રક્ષા કહો એથી કરે (૮)

ક્યારે પ્રભો સંસાર કારણ સર્વ મમતા છોડીને
આજ્ઞા પ્રમાણે આપની મન તત્વ જ્ઞાને જોડીને
રમીશ આત્મ વિષે વિભો નિરપેક્ષ વૃત્તિ થઇ સદા
સમ ભાવના ભાવીત થઇ સ્પૃહા રહીત થાઇશ કદા (૯)

તુજ પૂર્ણ શશીની કાન્તિ સરખા કાન્ત ગુણ દ્રઢ દોરથી
અતિ ચપળ મુજ મનવાંદરાને બાંધીને બહુ જોરથી
આજ્ઞા રૂપી અમૃત રસીના પાનમાં પ્રીતિ કરી
પામીશ પરબ્રહ્મે રતિ ક્યારે વિભાવો વીસરી (૧૦)

હું દીનથી પણ દીન પણ તુમ ચરણ સેવાના બળે
આવ્યો અહીં ઉંચી હદે જે પૂર્ણ પુણ્ય થકી મળે
તો પણ હઠીલી પાપી કામાદિક તણી પંકિત મને
આ કાર્યમાં પ્રેરે પરાણે પીડતી નિર્દયપણે (૧૧)

કલ્યાણ કારી દેવ ! તુમ સમ સ્વામી મુજ માથે છતે
કલ્યાણ કોણ ન સંભવે જો વિઘ્ન મુજ નવ આવતે
પણ મદન આદિક શત્રુઓ પુઠે પડયા છે માહરે
દૂરે કરૂં શુભ ભાવનાથી પાપીઓ પણ નવ મરે (૧૨)

સંસારરૂપ સમુદ્રમાં ભમતા અનાદિ કાળથી
હું માનું છું કે આપ કદી મુજ દ્રષ્ટિએ આવ્યા નથી
નહિંતર નરકની વેદના સીમા વિનાની મેં પ્રભુ
બહુ દુઃખથી જે ભોગવી તે કેમ પામું હું વિભુ (૧૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરવાર ચક્ર ધનુષ્યને અંકુશથી જે શોભતું
વજ્ર પ્રમુખ શુભ ચિન્હથી શુભ ભાવ વલ્લી રોપતું
સંસાર તારક આપનું એવું ચરણ યુગ નિર્મળું
દુર્વાર એવા મોહ વૈરીથી ડરીને મેં શ્રયું (૧૪)

નિઃસીમ કરૂણાધાર છો વળી શરણુ આપ પવિત્ર છો
સર્વજ્ઞ છો નિર્દોષ છો ને સર્વ જગના નાથ છો
હું દીન છું હિમ્મત રહીત થૈ શરણ આવ્યો આપને
આ મોહરૂપી ભિલ્લથી રક્ષો મને રક્ષો મને (૧૫)

વિણ આપ આ જગમાં નથી સ્વામિ સમર્થ મળયો મને
દુષ્કૃત્યનો સમુદાય મોટો જે પ્રભુ મારો હણે
જેમ શત્રુઓનું ચક્ર જે બહુ દુઃખથી દેખાય છે
વિણ ચક્ર વાસુદેવના તે કોઇ રીત હણાય છે (૧૬)

પ્રભુ દેવના પણ દેવ છો વળી સત્ય શંકર છો તમે
છો બુદ્ધને આ વિશ્વત્રયના છો તમે નાયક પણે
એ કારણે આન્તર રિપુ સમુદાયથી પીડલ હું
હે નાથ તુમ પાસે રડીને હૃદયના દુઃખો કહું (૧૭)

અધર્મના કાર્યો બધાં દૂરે કરીને ચિત્તને
જોડું સમાધિમાં જીનેશ્વર શાન્ત થઇ હું જે સમે
ત્યાંતો બધાએ વૈરીઓ જાણે બળેલા ક્રોધથી
મહા મોહના સામ્રાજ્યમાં લઇ જાય છે બહુ જોરથી (૧૮)

છે મોહ આદિક શત્રુઓ મ્હારા અનાદિ કાળનાં
એમ જાણું છું જીનદેવ પ્રવચન પાનથી હું આપના
તો એ કરી વિશ્વાસ એનો મૂર્ખ મંદમતિ બનું
એ મોહ બાજીગર કને કયી રીતને હું આચરૂં (૧૯)

એ રાક્ષસોના રાક્ષસો છે ક્રૂર મ્લેચ્છો એજ છે
એણે મને નિષ્ઠુરપણે બહુવાર બહુ પીડલ છે
ભયભીત થૈ એથી પ્રભુ તુમ ચરણ શરણું મેં ગ્રહ્યું
જગવીર દેવ બચાવજો મેં ધ્યાન તુમ ચિત્તે ધર્યું. (૨૦)

અપૂર્ણ.

સંગ્રાહક, કસ્તુરચંદ હેમચંદ દેસાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્ત્તમાન સમાચાર.

## પુના શહેરમાં ઉપધાન તપ.

આ શહેરમાં ઘણા વર્ષોથી શ્રી સંઘમાં કુસંપ હતો ને હાલમાં ત્યાં ચાતુર્માસ બિરાજતાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજીના ઉપદેશથી કલેશ દૂર થતાં સંપ થયો છે, જેથી ત્યાંના શ્રી સંઘમાં કેટલાંક ધાર્મિક તેમજ સામાજિક કાર્યોમાં પણ સમયોચિત સુધારો થવા લાગ્યો છે, તેથી તેમજ ઉકત આચાર્ય મહારાજ તેમજ મુનિરાજ શ્રી રાજવિજયજી મહારાજના ઉપદેશથી ત્યાં ઉપધાન તપ આશો શુદ ૧૦ થી શરૂ થવાના છે, દક્ષીણના અનેક બ્હેન બંધુઓ લાભ લેશે ત્યાં વિશેષ ધાર્મિક કાર્યો બિરાજમાન આચાર્ય મહારાજના ઉપદેશથી ભવિષ્યમાં બનો અને ત્યાંના શ્રી સંઘમાં સંપની વિશેષ વૃદ્ધિ થાઓ તેમ ઇચ્છીયે છીયે.

---

## શ્રી જૈન સાહિત્યનું પ્રદર્શન.

અમદાવાદ શહેરમાં શ્રી દેશ વિરતિ આરાધક સમાજ તરફથી આવતાં કારતક માસમાં શ્રી જૈન સાહિત્યનું વિશાળ પ્રદર્શન ભરાવાનું છે, આવા પ્રદર્શનો જૈન સમાજની ગૌરવતા તથા સનાતનતા માટે અમદાવાદની જેમ હિંદના દરેક વિભાગમાં અને જૈન વસતીવાળા મોટા શહેરમાં ભરવા આવશ્યક અને આવકારદાયક છે. દરેક જૈનોએ આ સંસ્થાના આ કાર્યને ઉપયોગી થઇ પડે તે માટે પોતાના અનુભવ મુજબ સૂચનાઓ આપી પ્રદર્શનમાં મુકવા લાયક જુના પુસ્તકો, શીલાલેખો, તામ્રપત્રો, ગ્રંથો, હસ્તલીખીત અન્ય સાહિત્ય, ચિત્રો વગેરે ત્યાં મોકલી વિશેષ જાહેરાત થાય તેમ કરવા નમ્ર સૂચના છે. અમો આ કાયની સંપૂર્ણ ફતેહ ઇચ્છીયે છીયે.

---

### મુંબઇ વૉર કૌન્સીલ—

અહિંસાત્મક રીતે સ્વરાજ્ય મેળવવા અત્યારે સમગ્ર હિંદ ચલવલ ચલાવી રહ્યું છે. મુંબઇની પ્રજા અને વેપારીનો તેમાં સહકાર વિશેષ ત[illegible] છે. દરેક કોમની જેમ જૈન કોમ પણ પોતાનો ફાળો આ લડતમાં આપી રહેલ છે. વળ. ખુશી થવા જેવું એ છે કે શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહ હાલમાં મુંબઇ વૉર કાઉન્સીલના પ્રમુખ તરીકે નિમાઇ સ્વદેશ સેવામાં ઝંપલાવ્યું છે. તેઓ શ્રી જૈન એજ્યુકેશનબોર્ડના તેમજ શ્રી જૈન બાલાશ્રમ પાલીતાણાના સેક્રેટરી છે. અમો તેમને મુબારકબાદી આપીએ છીએ

### જૈન પંચાંગ

અમારા તરફથી દરવર્ષ મુજબ તૈયાર થયેલ જૈન પંચાંગ અમારા સુજ્ઞ ગ્રાહકોને આ સાથે ભેટ આપીયે છીયે વેચાણ લેનારને એક નકલનો માત્ર અડધો આનો.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્વીકાર અને સમાલોચના.

શ્રી ચન્દ્રપ્રભ ચરિત્ર—શ્રી દેવેન્દ્રસૂરિશ્વરજી રચિત–મૂળ ( સંસ્કૃત પ્રાકૃત ભાષામાં ) શ્રી આત્માનંદ જૈન સભા અંબાલા પંજાબ તરફથી શ્રી આત્મવલ્લભસિરિઝના નવમા પુષ્પ તરીકે પ્રસિદ્ધ થએલ છે, આ ગ્રંથમાં બે પરિચ્છેદમાં પૂર્ણ થાય છે. પ્રથમ પરિચ્છેદમાં પૂર્વભવ, પ્રભુના પ્રથમ ગણધરના પૂર્વભવનું વર્ણન અનેક કથાઓ સાથે સંસ્કૃત ભાષામાં તથા બીજા પરિચ્છેદમાં પ્રાઃય પ્રાકૃત ભાષામાં પ્રભુનો જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને પ્રભુનો પૂર્વભવ તથા પરિવાર વર્ણન આપવામાં આવેલ છે. અને વિવિધ કથાઓ સાથે આપેલ છે. આ ચરિત્ર ઘણું રસિક અને બોધપ્રદ છે. આ ગ્રંથની પ્રસ્તાવના સાક્ષરવર્ય અને ઇતિહાસવેત્તા બંધુ શ્રી મોહનલાલ દલીચંદે ઇતિહાસિક દૃષ્ટિએ–પ્રથમ ગ્રંથકાર અને તેમની ગુરૂપરંપરા, પછી સંક્ષિપ્ત ચરિત્ર વર્ણન આપી આ ગ્રંથની સુંદરતામાં વધારો કર્યો છે. સંસ્કૃત–પ્રાકૃત ભાષાના ગ્રંથોની ગુજરાતી ભાષામાં આપી પ્રસ્તાવના દાખલ કરવાની પ્રથા બાળજીવો માટે લાભકારક છે. આ ગ્રંથના સંપાદક તથા સંશોધક આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના પ્રશિષ્ય પંન્યાસજી મહારાજ શ્રી ઉમંગવિજયજી છે કે જેમણે સારો પ્રયત્ન કરી જૈન ચરિત્ર સાહિત્યમાં વધારો કરી જૈન સમાજ ઉપર ઉપકાર કર્યો છે. ગ્રંથની સીરીઝને ગુરૂરાજનું નામ આપી ગુરૂભક્તિ પણ દર્શાવી છે. ગ્રંથ ઉંચા કાગળ સુંદર ટાઇપમાં પ્રકટ કરેલ છે, અને તે ભેટ તરીકે અપાય છે વગેરે પ્રયત્ન પ્રશંસાપાત્ર છે.

૨. દેવસીરાઈ પ્રતિક્રમણાદિ મૂળ સૂત્ર—પ્રકાશક શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મ્હેસાણા. ગુજરાતી ભાષામાં પ્રકટ થયેલ આ તેની ત્રીજી આવૃત્તિ છે તેજ તેની ઉપયોગીતા જણાવે છે. મોટા ટાઇપમાં અને શુદ્ધ રીતે છપાયેલ આ બુક શાળાઓ ઉપયોગી છે અને કિંમત પણ અઢી આના યોગ્ય છે.

૩ આદર્શ સુંદરી—(શ્રાવિકા) લેખક બંસી, પ્રકાશક શ્રી જૈન સસ્તું સાહિત્ય પ્રચારક કાર્યાલય. કલોલ.

આ કાર્યાલય તરફથી પ્રકટ થતાં લઘુ પણ ઉપયોગી પુસ્તકો તેના સભાસદોને સંતોષ આપવા સાથે જન સમાજને વાંચનનો રસ પ્રકટાવે છે. આદર્શ સુંદરી (શ્રાવિકા) કેવી હોય ? તેનાં કેવા ગુણો હોઇ શકે, વગેરે આદર્શતાનું સ્વરૂપ બંધુ બંસીએ સુંદર ભાષામાં આ લખેલ છે. પાછળ આદર્શ દંપતીનું સ્વરૂપ પણ સંક્ષિપ્તમાં આપેલ છે. મનન કરવા યોગ્ય આ લઘુ ગ્રંથ છે. આ કાર્યાલય આવા ગ્રંથો પ્રકટ કરી સાહિત્યમાં અભિવૃદ્ધિ દિવસાનુદિવસ કરે તેમ ઇચ્છીયે છીયે.

૪. શ્રી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન બોર્ડીંગ—અમદાવાદ–૨૪ મા વર્ષ (૧૯૨૯ ની સાલ)નો રીપોર્ટ, ચોવીશ વર્ષ થયા અમદાવાદમાં (પ્રથમ) આ બોર્ડીંગનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જન્મ થયો છે. સદ્ગત્ આચાર્ય શ્રીબુદ્ધિસાગર સૂરીશ્વરના ઉપદેશથી શેઠ લલ્લુભાઇ રામજીએ આ સંસ્થાની સ્થાપના કરી હતી. જે આજ સુધીમાં અનેક જૈન વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. તેની કાર્યવાહક કમીટીમાં અમદાવાદના આગેવાન જૈન ગૃહસ્થો અને કેળવાયેલ બંધુઓનો સહકાર હોવાથી વ્યવસ્થીત ચાલે છે, નવું મકાન હાલમાં બંધાય છે. સંસ્થાના પ્રેસીડેન્ટ સાહેબ કસ્તુરભાઇ લાલભાઇએ રૂપીયા એકાવન હજારની રકમ આ બોર્ડીંગને એક સેન્ટ્રલ હોલ બાંધવામાં આપી છે. શારીરિક અને ધાર્મિક શિક્ષણ સાથે અપાય છે, રીપોર્ટમાં એક લાખ રૂપૈયાની વિશેષ જરૂર બતાવી છે. અમદાવાદ જેવા શહેરમાં અનેક ધનાઢ્ય બંધુઓ રહે છે ત્યાં આવા કેળવણીને ઉત્તેજનના કાર્યમાં તેની કમીટીને તેટલી આર્થિક મદદ જલદી મળી જશે અથવા જરૂરીયાત ત્યાંના બંધુઓ પુરી કરી દેશે જ. હિસાબ સરવૈયું ચોખવટવાળા અને કાર્યવાહી યોગ્ય છે અમે તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

૫ **શ્રીસિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમ પાલીતાણા**—નો બે વર્ષ ( ૨૩–૨૪ મા વર્ષ ) નો રીપોર્ટ, પ્રકાશક ભાઇચંદ નગીનભાઇ ઝવેરી અને વીરચંદ પાનાચંદ સેક્રેટરીઓ. જૈન બાળકોના શિક્ષણના ઉત્તેજન માટે પાલીતાણામાં આ સંસ્થાનો પ્રથમ જન્મ થયો છે, હાલમાં વિદ્યાર્થીઓની સંખ્યા કમીટીએ વધારી છે જે યોગ્ય કર્યું છે. શેઠ દેવકરણ મૂળજી અને શેઠ નરોતમદાસ ભાણજી કે જેઓ આ સંસ્થાના પાલક પિતા જેવા હતા તેના સ્વર્ગવાસથી આ સંસ્થાને ભારે ખોટ પડી છે આ સંસ્થામાં પ્રાથમિક ( ગુજરાતી ) શિક્ષણ શરૂઆતથી લેનારને દાખલ કરવામાં આવે છે, કાઠીયાવાડમાં રહેતા વગર સાધનના બાળકો માટે ઉપયોગી છે. હિંદના ઘણા જૈન ગૃહસ્થો અને આ સંસ્થાઓની કમીટીના ઘણા સભ્યો બંને સંસ્થા એકઠી થઇ (મળી) જાય તો સુંદર કાર્ય થાય, જૈનો તરફથી આર્થિક મદદ વિશેષ મળી શકે એમ ઇચ્છે છે. આ રીપોર્ટમાં પણ તેવા સહકાર માટે કમીટી નિમવામાં આવેલ છે તેમ જણાવે છે અને તે માટે ઘણા વખતથી ઉહાપોહ પણ થાય છે છતાં કેમ સહકાર થઇ શકતો નથી તે જણાતું નથી. સાધન અને આધાર વગરના બાળકોને પોષણ સાથે શિક્ષણના સાધનો મળી શકે તે માટે આવી સંસ્થાઓની ઉપયોગીતા જણાય છે. અમો તેનો અભ્યુદય ઇચ્છીયે છીયે.

---

## ઉપાધ્યાયજી શ્રી સુમતિવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

પાલીતાણા ખાતે ઉપાધ્યાય શ્રી સુમતિવિજયજી મહારાજ ગયા માસમાં કાળધર્મ પામ્યા છે. ઉપાધ્યાયજી મહારાજ આચાર્ય શ્રી વિજયનેમીસૂરિશ્વરજી મહારાજના વયોવૃદ્ધ શિષ્ય અને ઘણા વર્ષોના દિક્ષીત અને બાળબ્રહ્મચારી હતા. તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

હર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૮ મું. વીર સં. ૨૪૫૬ આશ્વિન. આત્મ સં. ૩૫. અંક ૩ જો.

## પરમાત્મદર્શનનો માર્ગ.

"પોતાને ડાહ્યા સમજનારાઓ એમ માનીને ફૂલાયા કરે છે કે આપણે કેવા ચતુર છીયે! ધન, કીર્તિ અને સંસાર સુખની કેવી મોજ આપણે લુંટીયે છીયે! કાગડો પણ પોતાને ભારે ચતુર સમજે છે; પણ ખરૂં જોતાં તો સવારથી સાંજ સુધી તે વિષ્ટાજ શોધતો ફરે છે અને તેની આંતરિક અશાંતિનો પાર નથી હોતો!

માણુસ જો પ્રાણી માત્રમાં રહેલા પ્રભુનીજ સેવા કરતો હોય અને તેથી જો તે નામ, કીર્તિ કે સ્વર્ગની પણ ઇચ્છા ન રાખતો હોય તથા જેમની સેવા કરે તેઓ પાસેથી પણ કશા બદલાની આશા રાખતો ન હોય તો તો તે ખરેખર નિષ્કામ કર્મ કરે છે અને એ રીતે પોતાનો પરમ લાભ સાધી શકે છે. કર્મયોગ પણ એનેજ કહે છે. કેમકે એ પણ પરમાત્મ દર્શન-પરમ ધામ અથવા મોક્ષપદ પામવાનો માર્ગ છે.

બાળક જેમ પોતાની મા માટે રડે છે તેમ પ્રભુમાટે પણ એટલી બધી આતુરતા-તાલાવેલી જાગી ઉઠે કે જેથી મનુષ્ય રડી પડે તો તે પણ જરૂર તેને આવી મળે.

મોતીની ઇચ્છા વાળાએ તો ઉંડે ડુબકી મારીને બહારથી ગુમ થવું જોઇએ. જેઓ સપાટી ઉપર લોકો જુએ તેમ તર્યા કરીને વાહવાહ બોલાવવા ઇચ્છે તેમને પરમ પદાર્થ રૂપી મોંઘાં મોતી કયાંથી મળે અને સદા માટે દુઃખ દારિદ્ર કયાંથી જાય?

પરમાત્માના નામ પર જે બધી વસ્તુઓ વારી જાય છે તેજ તેનાં દર્શન મેળવી શકે છે; પણ જે ત્યાગી ભૂખ તરસ જેટલી જ સેવા સ્વીકારીને એથી વધુ ભેટ વિંઢાળ્યા વિના ખાલી હાથે ચાલ્યો જાય છે તેજ ઈશ્વરની વધારે સમીપે રહી શકે છે.

વ્હાલામાં વ્હાલાના વિયોગની પેઠે જે કોઇ પરમાત્મા માટે તલસે અને આક્રંદ કરે છે તે અવસ્ય તેનું દર્શન પામે છે."

પરમહંસ શ્રી રામકૃષ્ણ.

**સંવત ૧૯૮૭ની સાલનું જૈન પંચાંગ**—સો નકલના રૂા. ૨-૮-૦ એક નકલના બે પૈસા

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only